ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી

**તારીખ : ૧૪ જાન્યુઆરી**



જીલુભા ઘાઘલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



રામભાઈ બળદેવભાઈ પટેલ
મો. ૯૪૨૮૦ ૪૭૫૮૨



ધનાભાઈ એસ પરમાર
મો. ૯૯૧૩૮ ૩૭૪૩૩



રેણુકાબેન અનિલકુમાર દવે
ફોન : ૨૩૨૪૬૧૧૩



જીતુભાઈ લક્ષ્મણજી રાઠોડ
મો. ૯૯૯૮૭ ૭૬૬૨૦

**તારીખ : ૧૫ જાન્યુઆરી**



જિતેન્દ્ર કે શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧



એસ એમ કાછિયાપટેલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩

### સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા આયોજિત

# નૅશનલ હૅન્ડબૉલ ચૅમ્પિયનશીપમાં ગાંધીનગરની ટીમને ગોલ્ડ મૅડલ



## હૅન્ડબૉલમાં રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ગાંધીનગર કેન્દ્રને આ વર્ષે આ છઠ્ઠો મૅડલ પ્રાપ્ત થયો

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા નેશનલ દ્વારા તાજેતરમાં બેંગલોર ખાતે હેન્ડબૉલ ચેમ્પિયનશીપ (અન્ડર-૧૭ બોય્ઝ અને ગર્લ્સ)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા સ્પૉટ્ર્સ ટ્રેનિંગ સૅન્ટર, ગાંધીનગરની ગર્લ્સ ટીમ પ્રથમ ક્રમાંકે વિજેતા બની હતી. ટીમને ગોલ્ડ મૅડલ પ્રાપ્ત થયો હતો. બોય્ઝની ટીમ દ્વિતિય સ્થાને વિજેતા બનતાં તેને સિલ્વર મૅડલ પ્રાપ્ત થયો હતો. ઉલ્લેખનીય છે કે હૅન્ડબૉલમાં રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ગાંધીનગર કેન્દ્રને આ વર્ષે આ છઠ્ઠો મૅડલ પ્રાપ્ત થયો છે, જે બદલ રિજનલ ડિરેક્ટર આર કે નાયડુ દ્વારા ખેલાડીઓ, કોચને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સ્કૂલ ઑફ અચિવર કુડાસણમાં સ્પૉટ્ર્સ ડેની ઉત્સાહપૂર્ણ ઉજવણી




ગાંધીનગર, તા. ૧૩

સ્કૂલના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્કૂલ પરિવારે સાતમા 'સ્પોટ્ર્સ ડે'ની ઉજવણી કરી હતી. આ વર્ષે પણ નૂતન અભિગમ અનુસાર ઉદ્‌ઘાટન વિધિમાં બહારથી મહેમાનને આમંત્રણ આપવાને બદલે ઍક્ટિવિટી સ્ટાફના સભ્ય મયુરરાજસિંહ વાઘેલાની મુખ્ય અતિથિ તરીકે વરણી કરવામાં આવી હતી, જેમના દ્વારા ધ્વજારોહણ, મશાલ પ્રજ્વલન અને સ્પોટ્ર્સ ડે ખુલ્લો મૂકવાની બધી જ ઔપચારિકતાઓનું વહન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ શારીરિક, માનસિક, બૌદ્ધિક રીતે ખીલે તે હેતુથી શિસ્તબધ્ધ અને પધ્ધતિસર યોજાયેલો આ સ્પોટ્ર્સ ડે સૌ માટે ચીરસ્મરણીય બની રહ્યો હતો.

ત્રણ પ્રકારની રમતોને સ્પર્ધામાં સ્થાન અપાયું હતું : સ્કૂલ ગેમ્સ, રીક્રિએશન ગેમ્સ, એથ્લેટિક્સ ગેમ્સ. ૧૩ પ્રકારની સ્કૂલ ગેમ્સ, ૧૧ પ્રકારની એથ્લેટિક્સ અને ૧૨ પ્રકારની રીક્રિએશન ગેમ્સ માટે શાળાના વ્યાયામ શિક્ષકો અને એક્ટિવિટી કોચ દ્વારા તાલીમસહ માર્ગદર્શન પૂરું પડાયું હતું. તદુપરાંત મહિલા સશક્તિકરણને કેન્દ્રમાં રાખી કરાટે શો યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીની બહેનોએ સુંદર પ્રદર્શન કર્યું હતું. સમગ્ર સ્પોટ્ર્સ ડેનું સફળ સંચાલન એક્ટિવિટી એન્ડ ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ વ્યાસની રાહબરી હેઠળ વ્યાયામ શિક્ષક મિલનભાઈ પટેલ, અલ્પેશસિંહ બારડ, ધર્મેન્દ્રસિંહ સોલંકી તથા મેહુલભાઈ ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

પુરુષ બિચારાનુંય
પતંગ જેવું છે
'કન્યા' સરખી બંધાય
તો ઊંચે ઊડી શકે
નહીંતર
ગોથાં ખાધા કરે

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલ ગાંધીનગર સે-૨૩ ખાતે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો-૧ થી ૩ના બાળકોને ફીરકીનું વિતરણ જયારે ધો-૪ થી ૮ના બાળકો માટે પતંગ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરમાર યશ પ્રકાશભાઈ, વણઝારા હર્ષ રતનજી, પટેલ ઉદય વિપુલભાઈ, વાઘેલા ધ્રુવી ભરતસિંહ, મલેક અમ્માર, જાદવ જયોતિ અને સુથાર હેલી ક્રમાનુસાર વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા જેમને શાળા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

## કડવા પાટીદાર સમાજનો સાતમો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર તથા જીવનસાથી નોંધણી સેવા કેન્દ્રો અમદાવાદ (રાણીપ), ગાંધીનગર (સેક્ટર-૨૪ ચોકડી) તથા કૃષ્ણનગર (નવા-નરોડા)ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯-૧-૨૦૧૭ના રોજ ઉમાભવન હોલ, સેક્ટર-૧૨, પથિકાશ્રમની સામે, ગાંધીનગર ખાતે સવારે ૧૦ કલાકે જીવનસાથી મેળો રાખવામાં આવેલ છે. આ પસંદગી મેળામાં તા. ૧-૩-૨૦૧૬ પછી નોંધણી કરાવેલા યુવકોને તથા અગાઉના વર્ષોમાં નોંધણી કરાવેલ તમામ યુવતીઓને એક વાલી સાથે પસંદગી મેળામાં પ્રવેશ આપવામાં આવશે.



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ તરફથી અદાણી ગ્રુપ મુંદ્રા માટેના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી મિત્રોએ અદાણી ગ્રુપના મુંદ્રા પોર્ટની મુલાકાત લીધી તથા અદાણી પાવર પ્લાન્ટ જેવી અતિ આધુનિક ટેકનોલોજીનો પરિચય મેળવ્યો હતો. નિરાંતના સમયે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બદલ અદાણી ગ્રુપ તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શૈક્ષણિક પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ થયો હોવાથી સ્ટાફ મિત્રો, શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ પ્રતિ આચાર્ય દ્વારા અભિનંદનની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વૈદિક ગણિતના જ્ઞાનાર્જનનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૩

સાંપ્રત સમયમાં વૈદિક ગણિતનું મહત્વ વધ્યું છે. વિદ્યાર્થીઓ ઝડપી ગણતરી કરી શકે તે માટે વૈદિક ગણિત ખૂબ જ ઉપયોગી બને છે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ વૈદિક ગણિતનું જ્ઞાન ઉપયોગી થાય તે હેતુને ધ્યાનમાં રાખીને સર્વ વિધ્યાલય કેળવણી મંડળની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વૈદિક ગણિતના સુંદર વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, જે. બી. પ્રાથમિક શાળા, આર. એન. પ્રાથમિક શાળા, એમ. બી. પ્રાથમિક શાળા, સી. એમ. પટેલ હાઈસ્કૂલ, આર. સી. પટેલ માધ્યમિક સ્કૂલ, આર. જી. કન્યા માધ્યમિક સ્કૂલના લગભગ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે. આ સરાહનીય કામગીરી સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક ચાલી રહી છે.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે વિવિધ ડેની ઉજવણીના ભાગરૂપે શનિવારે 'બૅક ટુ સ્કૂલ ડે' તથા 'સફાઈ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજની વિદ્યાર્થીનીઓએ આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્કૂલના પરિવેશમાં સજ્જ થયેલી વિદ્યાર્થીનીઓએ કૉલેજના વાતાવરણને સ્કૂલમાં તબદિલ કરી નાખ્યું હતું. વિદ્યાર્થીનીઓએ શિસ્તબદ્ધ સ્કૂલગર્લ્સની માફક સમગ્ર કૅમ્પસનું સફાઈ કાર્ય પણ હાથ ધર્યું હતું અને સ્વચ્છ ભારત અભિયાનમાં પોતાનું યોગદાન નોંધાવ્યું હતું.



### કલ્પતરુના સૌજન્યથી શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# દહેગામ તાલુકામાં શાળા આરોગ્ય કાર્યક્રમ





કલ્પતરુ વેલફેર ટ્રસ્ટ તથા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં વાસણા સોગઠી તથા ઈસનપુર ડોડિયામાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્રણ ડૉક્ટર્સ દ્વારા કુલ ૫૧૪ બાળકોને તપાસી જરૂરી દવાઓ આપવામાં આવી હતી. સંસ્થા દ્વારા બાળકોને બિસ્કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, દિનેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા. ડૉ. સુવિણાબેન, ડૉ. બોઘાણી, ડૉ. અતુલભાઈએ પોતાની તબીબી સેવાઓ આ સેવાકાર્ય માટે પૂરી પાડી હતી.

### શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે

# પૂ. દાસકાકા યુવક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે સંસ્થાના આદ્યસ્થાપક પૂ. દાસકાકાની પાવન સ્મૃતિમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂ. દાસકાકા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૅશન શો, બ્યુટી ક્વિન, જનરલ નૉજ, ફેસ પેઈન્ટિંગ, અંતાક્ષરી, ગૃપ ડાન્સ જેવી સ્પર્ધામાં ૨૨૫ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ક્રિએટીવ ઝોનમાં ફૅશન ડિઝાઈનર તરીકે સેવા બજાવતા એશાબેન શાહ અને ફૅશન ડિઝાઈનર આશાબેન પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી આરાધનાથી કરવામાં આવી હતી. ધોરણ-૧૧ની વિદ્યાર્થીની જીલ જોષીએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. યુવક મહોત્સવના કન્વીનર મયંકભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને આચાર્ય સુધાબેન પટેલે અતિથિઓને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. પૂ. દાસકાકાના જીવન અને કાર્યોની ઝલક ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક અને યુવક મહોત્સવના કન્વીનર જશુભાઈ સુતરિયાએ આપી હતી. કાર્યક્રમના અંત ભાગમાં માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલે આચાર્ય, સુપરવાઈઝર મનુભાઈ અને ગીતાબેન, આમંત્રિત મહેમાનો, કન્વીનર, વિદ્યાર્થીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

### યુવક મહોત્સવ પરિણામ

| સ્પર્ધા | વિજેતા વિદ્યાર્થી | વિજેતા ક્રમ |
|---|---|---|
| બ્યુટી ક્વિન | પ્રિયા ડી પટેલ | પ્રથમ |
| (માધ્યમિક વિભાગ) | ધ્રુવી આર પાથર | દ્વિતિય |
| | સિયા વી જોષી | તૃતિય |
| | ખુશી ડી પ્રજાપતિ | તૃતિય |
| બ્યુટી ક્વિન | પ્રાચી પી ચૌધરી | પ્રથમ |
| (ઉ.મા. વિભાગ) | ખુશ્બુ બી પ્રજાપતિ | દ્વિતિય |
| | જીલ ઍસ ભાવસાર | તૃતિય |
| | શ્રુતિ આર ત્રિવેદી | તૃતિય |
| ફૅશન શો | પ્રિયાંશી પારેખ | પ્રથમ |
| (માધ્યમિક વિભાગ) | ઋષાલી રાવ | દ્વિતિય |
| | દિશા પ્રજાપતિ | તૃતિય |
| ફૅશન શો | હિરલ ડી ગોસ્વામી | પ્રથમ |
| (ઉ.મા. વિભાગ) | નેહા યુ દાતણિયા | દ્વિતિય |
| | ખ્યાતિ આર વાઘેલા | તૃતિય |
| ફેસ પેઈન્ટિંગ | નીશા પી ઠાકોર | પ્રથમ |
| (માધ્યમિક વિભાગ) | મારિયા જી શેખ | દ્વિતિય |
| | યશ્વિની ઍસ સોલંકી | તૃતિય |
| ફેસ પેઈન્ટિંગ | નિધિ પી પરમાર | પ્રથમ |
| (ઉ.મા. વિભાગ) | જ્યોતિ પી મકવાણા | દ્વિતિય |
| | પ્રિયંકા ડી રાણા | તૃતિય |

### યુવક મહોત્સવ પરિણામ

| સ્પર્ધા | વિજેતા વિદ્યાર્થી | વિજેતા ક્રમ |
|---|---|---|
| જનરલ નૉલેજ | પ્રાચી વી પ્રજાપતિ | પ્રથમ |
| (માધ્યમિક વિભાગ) | ભૂમિ બી પટેલ | દ્વિતિય |
| | દિપાલી પી નાયી | દ્વિતિય |
| | કાવ્યા આર પટેલ | તૃતિય |
| | મુમુક્ષા ઍમ ચૌહાણ | તૃતિય |
| જનરલ નૉલેજ | પ્રિયાંગી બી ચૌધરી | પ્રથમ |
| (ઉ.મા. વિભાગ) | શિફા ઍમ મેરુજય | દ્વિતિય |
| | પ્રેક્ષા વી પટેલ | દ્વિતિય |
| | હફીજુન્નીશા ઍમ મિરજા | દ્વિતિય |
| | ટ્વિંકલ બી મકવાણા | તૃતિય |
| અંતાક્ષરી | દૃષ્ટિ એ પટેલ | પ્રથમ |
| (માધ્યમિક વિભાગ) | પૂજા વી ઠાકોર | પ્રથમ |
| | પ્રાર્થના આર પટેલ | પ્રથમ |
| | સલિકા ઍમ બલોલિયા | પ્રથમ |
| અંતાક્ષરી | અવની કે કોળીપટેલ | પ્રથમ |
| (ઉ.મા. વિભાગ) | શ્રદ્ધા વી સોની | પ્રથમ |
| | ખુશ્બુ જી પટેલ | પ્રથમ |
| | કિંજલ જે ગઢવી | પ્રથમ |

# આર ઍન પટેલ સ્કૂલ બૅન્કની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૮માં દ્વિતિય સત્રના ગણિત વિષયના પ્રકરણ-૧ અંતર્ગત બૅન્કની મુલાકાત માટે ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ ધી કાલુપુર કો-ઓપરેટિવ બેન્કની મુલાકાત લીધી હતી. બેન્કમાં ખાતું ખોલાવવા ઓળખકાર્ડ અને રહેઠાણના પુરાવા સાથે ફૉર્મ કેવી રીતે ભરી શકાય તે પ્રત્યક્ષ રીતે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યુંહતું. ચૅકના પ્રકાર વિશે સમજાવ્યા બાદ ચૅકની નકલ વિદ્યાર્થીઓને આપી તેમની પાસે ચૅક ભરાવવામાં આવ્યા હતા અને તેમને ખાતાની માહિતી આપવામાં આવી હતી. બૅન્કના મૅનેજર હિતેન્દ્રભાઈ પટેલે બૅન્ક વિશે સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી અને દરેક વિદ્યાર્થીને ચૉકલેટ આપી તેમના પ્રતિ પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી જીવન પ્રેરણા'**